# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે આ વર્ષની પહેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજકોટમાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં થયેલા સમજૂતી કરારના ઝડપી અમલીકરણ, ફેબ્રુઆરીમાં યોજાનારી અંદાજપત્ર સત્રની તારીખ અને તેની તૈયારીઓ, રાજ્ય સરકારની અન્ય નીતિવિષયક બાબત અંગે ચર્ચા કરવામાં આવી.

તેમજ અંદાજપત્રની નવી બાબત અને વર્તમાન અંદાજપત્રની નાણાકીય સ્થિતિ તથા કેન્દ્ર સરકાર સાથે જોડાયેલા રાજ્ય સરકારની મહત્વની પરિયોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

. . . . .

# CM COLLECTOR CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં એક દિવસની કલેક્ટર પરિષદનો પ્રારંભ કરાવ્યો. તેમાં i-ORA એટલે કે, સંકલિત ઑનલાઈન મહેસુલી અરજી – ઈ ધરા સહિતની કામગીરીની સમીક્ષા અને વિગતવાર ચર્ચા કરાશે. તેમજ મહેસુલ વિભાગના વિવિધ પ્રગતિ હેઠળના કામ અને ભાવિ આયોજન , જમીનને લગતી કામગીરી અને સંકલિત કાયદા તથા ઠરાવ , પડતર કેસ સહિતના મુદ્દા અંગે ચર્ચા થશે.

પરિષદમાં રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા , મુખ્યસચિવ એમ. કે. દાસ , મેહસુલ વિભાગનાં અધિક મુખ્યસચિવ જંયતિ રવિ સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં છે.

. . . .

# CM TODAY PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ભાવનગરના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સૌથી પહેલા તેઓ ઝવેરચંદ મેઘાણી સભાગૃહ ખાતે ભાવનગર મહાનગરપાલિકાના અંદાજે 156 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ જવાહર મેદાનમાં નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય શિબિરની મુલાકાત લેશે.. છેવટે શ્રી પટેલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર વિશ્વ-વિદ્યાલયના પરિસરમાં આવેલા અટલ સભાગૃહમાં ક્ષત્રિય સમાજ દ્વારા યોજાયેલા અભિવાદન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

. . . .

# KACHCHH EARTHQUAKE

કચ્છમાં આજે ફરી ભૂકંપના સામાન્ય આંચકાઓ અનુભવાયા હતા. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે , સવારે પાંચ વાગ્યેને 47 મિનિટે આવેલા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ રાપરના ખેંગારપર નજીક નોંધાયું હતું. જ્યારે રેક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા બે પૂર્ણાંક પાંચની માપવામાં આવી હતી.

.

# MEHSANA 108 EMRI

મહેસાણા જિલ્લામાં ઉત્તરાયણ પર્વમાં 108 ઇમરજન્સી એમ્બુલેન્સ સેવામાં અકસ્માતના 45 કેસ નોંધાયા. જ્યારે ધાબા પરથી પડવા અને દોરીથી ઇજાગ્રસ્ત થયાના 43 કેસ નોંધાયા છે. જ્યારે વિસનગરમાં 43 પક્ષી ઇજાગ્રસ્ત અને ત્રણ કબૂતરના મોત થયાના અહેવાલ છે.

. . . . .

# ARVALLI CYCLING

અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ લોકોની શારીરિક તંદુરસ્તી અને પર્યાવરણ જાગૃતિ અંગે સન્ડે ઑન સાઈકલ મુહીમ શરૂ કરી છે. એક વર્ષ પહેલા 40 કિલોમીટરથી શરૂ થયેલી આ સાઈકલયાત્રા 150 કિલોમીટર સુધી પહોંચી છે. સાઈકલ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાય છે. આ અંગે કલેક્ટર પ્રશસ્તિ પારિકે વધુ માહિતી આપી.

(BYTE: PRASHASTI PAREEK, COLLECTOR)

. .

# ARMY DAY CELEBRATION KUTCH

કચ્છના રણમાં સેનાના જવાનો દ્વારા આ વર્ષે પણ સાહસિક લેન્ડ યોટિંગ અભિયાનનો આરંભ કરાયો છે. 78-મા ભારતીય સેના દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ સાહસિક અભિયાન આગામી 20 જાન્યુઆરી સુધી ચાલશે. તેમાં સેનાના 21 જવાન 400 કિલોમીટરનું અંતર કાપશે.

અભિયાન દરમિયાન જવાનો રણની કઠિન ભૌગોલિક પરિસ્થિતિઓનો અનુભવ કરશે. તેમજ પોતાની શારીરિક ક્ષમતા , ધીરજને વધુ મજબૂત બનાવશે. સાહસથી ભરપૂર આ અભિયાન દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવાશે.

46 એર ડિફેન્સ રેજિમેન્ટના સંચાલન હેઠળ આયોજન પ્રસંગે 617 એર ડિફેન્સબ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર અજય વર્માના હસ્તે અભિયાનમાં ભાગ લેનારા જવાનોનું સન્માન કરાયું હતું.

. . . .

# BHARATI MELO

ગાંધીનગરમાં આવતીકાલે મહિલા રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર શિબિર યોજાશે. ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સેક્ટર-૨૩, ખાતે યોજાનાર આ મેળામાં ખાનગી ક્ષેત્રની કંપનીઓ દ્વારા વિવિધ જગ્યાઓ પર સીધી ભરતી કરાશે. જેમાં ૧૮ થી ૩૫ વર્ષની વયના ધોરણ ૮, ૧૦, ૧૨ પાસ, ડિપ્લોમા, આઈ.ટી.આઈ., કોઈ પણ સ્નાતક કક્ષાનાં લાયકાત ધરાવતા ફક્ત શારીરિક સશક્ત મહિલા ઉમેદવારો ભાગ લઇ શકશે. ઇચ્છુક મહિલા ઉમેદવારો અનુબંધમ પોર્ટલ ઉપર નોંધણી કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

. . . . . .